# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 18-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદથી શ્રમિક બસેરા યોજનાની 17 સાઈટનું પ્રતિકાત્મક ખાતમુહૂર્ત કરશે
- ✓ રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરાના 26 કેસ નોંધાયા – અત્યાર સુધી 14 દર્દીના મોત નિપજ્યા.
- ✓ મુખ્યમંત્રીએ ઔદ્યોગિક વિસ્તારો અને પથરાળ વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી.
- ✓ બાગાયતી યોજનાઓના લાભ માટે આઇ-ખેડૂત પૉર્ટલ ખૂલ્લું મુકાયું.
- ✓ સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાંક સ્થળે આજથી બે દિવસ ભારે વરસાદની આગાહી.

## CM UDGHATAN

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના જગતપુર ખાતે શ્રમિક બસેરા યોજના અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરાની કુલ 17 સાઈટનું પ્રતિકાત્મક ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી પંડિત દીનદયાલ ઉપાધ્યાય હૉલ, અમદાવાદ ખાતે બાંધકામ શ્રમિકોને સંબોધિત કરશે.

શ્રમિક બસેરા યોજના હેઠળ શ્રમિકોને કામકાજના નજીકના સ્થળે પાયાની મૂળભૂત સુવિધાઓ આવાસ મહિને પાંચ રૂપિયાના ટોકનદરે પ્રતિદિન પ્રતિશ્રમિકને આપવામાં આવશે. આ સમગ્ર યોજનાના પારદર્શી વહીવટ માટે શ્રમિક બસેરા

યોજનાના પૉર્ટલનું પણ સાથેસાથે લોન્ચિંગ કરાશે. આ પૉર્ટલના માધ્યમથી કેન્દ્રીયકૃત રીતે શ્રમિકોને આવાસની જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

આ યોજના હેઠળ અમદાવાદમાં 7, ગાંધીનગરમાં 1 રાજકોટમાં 6 અને વડોદરામાં 3 મળી કુલ 17 સાઈટનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રીના હસ્તે થશે. આ સાઇટના માધ્યમથી અંદાજે કુલ 15 હજાર બાંધકામ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે.

.................

## GANDHINAGAR CHANDIPURA VIRUS

રાજ્યમાં ગઈકાલ સાંજ સુધીમાં શંકાસ્પદ ચાંદીપુરા રોગના 26 કેસ નોંધાયા છે. આમાંથી 2 કેસ પોઝિટિવ આવ્યા છે એમ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જણાવ્યું છે. અત્યાર સુધી રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરાના કારણે 14 દર્દીના મોત નીપજ્યા છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચાર—ચાર, મોરબીમાં ત્રણ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આ બાબતે દરરોજ દેખરેખ રાખી રહ્યા છે. આરોગ્યની ટુકડી દ્વારા 10 હજાર 181 ઘરમાં કુલ 51 હજાર 724 લોકોની તપાસની કામગીરી કરવામાં આવી છે. દરમિયાન કુલ 3 હજાર 567 કાચા મળેલા ઘરમાંથી કુલ 3 હજાર 741 ઘરમાં મેલેથિયોન પાઉડરનો છંટકાવ કરાયો છે.

રાજ્યકક્ષાએથી પણ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી દરેક જિલ્લા અને મહાનગરપાલિકાઓને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરી અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ અને કમિશનર દ્વારા પણ દૈનિક ધોરણે તમામ જિલ્લાઓમાં કામગીરીની દેખરેખ રાખવામાં આવી રહી છે.

.................

## RUSHIKESH PATEL ON CHANDIPURA

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સામાજિક માધ્યમની એક પોસ્ટ કરતા જણાવ્યું કે, શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસ સેન્ડ ફ્લાય એટલે કે, માટીની માખી દ્વારા ફેલાય છે. આના લક્ષણોમાં હાઈગ્રેડ તાવ, ઝાડા, ઊલટી, ખેંચ આવવી અને

અર્ધબેભાન કે બેભાન થઈ જવું સામાન્યત: જોવા મળે છે. જો આવા ચિહ્નો કે લક્ષણો સાથેની બીમારી જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. 14 વર્ષ સુધીના બાળકોને આ બીમારી થવાની સંભાવના વધુ છે.

.................

## CM PATEL NIRNAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારો અને પથરાળ વિસ્તારોને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 1 હજાર 470 કરોડ રૂપિયાની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ રસ્તાઓના કામ થવાથી આ રસ્તાઓને જોડતા શહેરો, નગરો, ગામના ટ્રાફિકને સરળતા રહેશે અને વાહનવ્યવહારલાયક સારા માર્ગની સગવડતા મળશે.

મુખ્યમંત્રીએ કુલ 688 કિલોમીટરના 65 માર્ગ માટે આ રકમ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત 83 કિલોમીટર માર્ગને ફોર લેન સુધી પહોળા કરવામાં આવશે. જ્યારે 173 કિલોમીટર સુધીના રસ્તા 10 મીટર સુધી પહોંળા કરાશે. સાથે 432 કિલોમીટર લંબાઈના માર્ગનું મજબૂતીકરણ કરાશે. તેમ જ પૂલ/ક્રોસ ડ્રેનેજ સ્ટ્રક્ચર્સના જરૂરી મજબૂતીકરણ પણ કરાશે. વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ તૈયાર થયા પછી જરૂરિયાત જણાશે તે રસ્તાઓ પર ફ્લાયઓવર પણ બનાવવાનું આયોજન છે.

.................

## I-khedut Portal

રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ચાલુ વર્ષ 2024-25 માટે ખેડુતો માટે બાગાયતી યોજનાઓના લાભ માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

આ યોજનાઓનો લાભ લેવા માટે વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ખેડૂતો ફળ પાકોના વાવતેર માટે 15 ઓગસ્ટ સુધી અરજી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, આઇ-ખેડૂત પોર્ટલ પર આંબા, જામફળ, કેળ, ટીશ્યુકલ્ચર ખારેક, નાળીયેરી, કમલમ્ ફળ -ડ્રેગન ફ્રૂટ, દ્રાક્ષ, કિવિ, દાડમ, લીંબુ, પપૈયા, સરગવા ઉપરાંત વધુ ખેતી ખર્ચ વાળા ફળ પાક સિવાયના ફળ પાક, વાવેતર માટેની સામગ્રી, સહાય માટે અરજી કરી શકાશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## TRAIN CANCELLED

અમદાવાદના સાણંદ દક્ષિણ સ્ટેશનથી સાણંદ સ્ટેશનના જોડાણ સંદર્ભે નૉન-ઇન્ટરલૉકિંગ કાર્ય ચાલી રહ્યું છે. આના કારણે અમદાવાદ વિભાગમાંથી ચાલતી કે પસાર થતી કેટલીક ટ્રેન રદ કરી હોવાનું પશ્ચિમ રેલવે દ્વારા જણાવાયું છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-વિરમગામ વિભાગમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા એટલે કે, DFCCILના કામના કારણે 20 જુલાઈની વિરમગામ–અમદાવાદ મેમુ, ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ, ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ, 19 અને 20 જુલાઈની વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે. જ્યારે 20 અને 21 જુલાઈની ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ, 19 અને 20ની વેરાવળ- ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ અને જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ પણ રદ રહેશે.

.................

## BHARTI MELO - GHODHRA

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ગોધરા વિભાગ ખાતે એપ્રેન્ટીસ કાયદો, 1961 હેઠળ કરાર આધારિત ભરતી યોજાશે.

લાયકાત ધરાવતા ઉમેદવારો apprenticeshipindia.gov.in ની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકેશે. ઉમેદવારોએ રજીસ્ટ્રેશનની હાર્ડ કોપી ફરજિયાત મેળવવાની રહેશે. ઉમેદવારોએ 20 થી 26 જુલાઈ દરમિયાન જરૂરી પુરાવાઓ સાથે અરજીપત્રક ગોધરા એસ.ટી વિભાગીય કચેરી, વહીવટી શાખા ખાતે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

.................

## RAIN

હવામાન વિભાગે ભારે વરસાદને જોતા આજથી બે દિવસ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં રેડઅલર્ટ જાહેર કર્યું છે. આજે રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, દેવભૂમિદ્વારકા, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આ ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, સુરત, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર, મોરબી, બોટાદ અને કચ્છમાં પણ ભારે વરસાદની આગાહી છે. જ્યારે ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પાટણ, મહેસાણા, પંચમહાલ, તેમ જ  છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપીમાં ભારે વરસાદની શક્યતા છે.

ગાંધીનગર સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં 31 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ એક ઈંચ વરસાદ કચ્છના લખપત તાલુકામાં જ્યારે રાજકોટના કોટડાસાંગાણી અને ખેડાના નડિયાદ તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંતના તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો હતો.

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, નેત્રંગ તાલુકામાં ગઈકાલે 6 કલાકમાં સાડા સાત ઈંચ વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ ઉદ્ભવી હતી. નદી-નાળા અને કોતરોમાં વરસાદી પાણીના પ્રવાહના કારણે ભારે નુકસાન પહોંચ્યું હતું. નેત્રંગ તાલુકાના મોવી ગામથી ડેડીયાપાડા ગામને જોડતા રસ્તા ઉપર આવેલ ચાલ ગામના નાળાનું ધોવાણ થતાં વાહનવ્યવહાર સદંતર બંધ કરી દેવાયો હતો. સુરતના મહુવા તાલુકાનો મધર ઇન્ડિયા ડેમ છલકાતા ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

.................

## SWIMMING

અમદાવાદમાં સ્ટેટ સ્વિમિંગ ચેમ્પિયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધ્યાની પટેલે 200 મીટર બેકસ્ટોકમાં, 100 મીટર બેકસ્ટોકમાં, 50 બટરફ્લાય

સ્ટ્રોકમાં, 4x200 મીટર ફ્રી સ્ટાઇલ રીલે 4x200 મીટર મેડલી રિલેમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. હાવ્યાએ 50મી, 100મી, બેકસ્ટ્રોકમાં રજત ચંદ્રક જીત્યો છે. જ્યારે હેયાએ 4x50 ફ્રી સ્ટાઇલ રિલેમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

.................

## AHMEDABAD ANTI DRUG DRIVE

અમદાવાદ પોલીસે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ચાર રસ્તા પાસે બાળકોને ભીક્ષા માગવા અને માદક દ્રવ્યોના સેવનથી બચાવવા, તેમ જ 18 વર્ષથી ઓછી વયનાને તમાકુ અને તેના ઉત્પાદનો વેચતા વેપારીઓ સામે કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે.

જે અંતર્ગત અમદાવાદ શહેર મહિલા ક્રાઈમબ્રાન્ચ અને માનવ તસ્કરી નિરોધી શાખાએ સાથે મળીને એક મહિના સુધી ચાલનારી ઝુંબેશ શરૂ કરી છે, જે અંતર્ગત છ જેટલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. જ્યારે બે બાળકોને બાળ સરંક્ષણ ગૃહમાં મોકલવામાં આવ્યા છે.

.................

## GOV. CLARIFICATION

રાજ્ય સરકારે વર્ગ 3 અને વર્ગ 4 સહિત કરાર આધારિત ભરતીને સ્થાને કાયમી ભરતી કરવા તેમજ સરકારી ભરતીઓમાં કરાર પ્રથા નાબૂદ કરાઈ હોવાના સમાચારને રદિયો આપ્યો છે.

વહીવટી વિભાગના સંયુક્ત સચિવ દ્વારા જાહેર કરાયેલ એક નિવેદનમાં આ સમાચારોને સત્યથી વેગળા કહેવાયા છે. સાથે જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે સરકારે આવો કોઈ જ નિર્ણય લીધો નથી, ના તો આ અંગેની કોઈ સૂચના અપાઈ છે. ભરતી અંગેની સરકારની હાલની નીતિ યથાવત્ છે. આ નિવેદનમા સામાન્ય લોકોને સામાજિક માધ્યમ તેમ જ સમાચારોમાં પ્રસારિત થતા આવી ખબરોથી ભ્રમિત ન થવા જણાવાયું છે.

.................